## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આ તારો દિકરો વિકાસ તો કહેશે જ કે દિવાળીમાં ભરપુર ખર્ચો કરો પણ તેની બહેન મંદીનો વિચાર કર્યો...?!

# કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ૨૫મીએ કલોલ ખાતે દિવ્યાંગોને સાધન સહાય આપશે

**૨૫-૨૬ના તેમના પ્રવાસને લઈ તડામાર તૈયારીઓ : એપીએમસીના સભાખંડનું પણ લોકાર્પણ કરાશે : કેન્દ્રીય મંત્રી ગેહલોત તેમજ મુખ્યમંત્રી સહિતના અગ્રણીઓ હાજરી આપશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ૨૫મીએ તેમના સાંસદીય મતવિસ્તારની મુલાકાતે આવી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શાહ ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ કલોલ વિધાનસભા મત વિસ્તારમાં ૨૫મી ઓક્ટો.ના રોજ યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. કેન્દ્રીય ગૃહમંત્રીની કલોલની મુલાકાતને લઈ આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, અધિક નિવાસી જિલ્લા કલેક્ટર એચ.એમ. જાડેજા, પ્રાંત કલોલ એ.ડી. જોશી અને તંત્રના અધિકારીઓની એક મહત્વની બેઠક પણ યોજાઈ હતી.

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ૨૫મી ઓક્ટો.ના રોજ દિવ્યાંગો અને વયોશ્રીઓને સાધન સહાયનું વિતરણ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના વરદ્હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી થાવરચંદ ગેહલોત, જિલ્લાના પ્રભારી અને મહેસુલ મંત્રી કૌશિક પટેલ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

જિલ્લાના ચાર હજારથી વધુ દિવ્યાંગો અને વયોશ્રીઓને વ્હીલચેર, કેલીપર્સ, હિયરીંગ મશીન, કૃત્રિમ હાથ-પગ, સાધન સહાયની કિટ્સ એનાયત કરવામાં આવશે.

આ ઉપરાંત કલોલ એ.પી.એમ.સી. ખાતે નવનિર્મિત સભાખંડનું લોકાર્પણ કરાશે તેમજ કલોલ ખાતે કે.આઈ.આર.સી. કોલેજ ખાતે આ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે.

આજે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓએ કે.આઈ.આર.સી. કોલેજ ખાતે ૨૫મીના કાર્યક્રમ અંગે ચાલી રહેલી તૈયારીઓ અને માર્ગદર્શન માટે બેઠક યોજી હતી. જેમાં બેઠક વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા તેમજ અન્ય બાબતોને લઈ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

૨૬મી ઓક્ટો.ના રોજ પણ કેન્દ્રીય ગૃહમંત્રી માણસા ખાતે જશે જો કે માણસાના કાર્યક્રમને હજુ સુધી આખરી ઓપ અપાયો નહી હોવાનું જાણવા મળેલ છે.




## ફટાકડા વેચાણના સ્ટોલનો વિમો લેવાશે

દિવાળીના તહેવારોમાં ફટાકડાનું વેચાણ કરવા સ્ટોલ બનાવવામાં આવે છે. કદાચ ફટાકડા ખરીદનાર મુલાકાતી કે વેપારીને આકસ્મિક આગનો ભોગ બનવું પડે તો વીમા કંપની પાસેથી વીમો લીધેલ હોય તો ભોગ બનનારને વળતર મળી શકશે ત્યારબાદ જ સત્તાવાળાઓએ સ્ટોલ રાખવા માટે લાયસન્સની મંજુરી આપવી જરુરી છે. વીમો લેવાથી સલામતી જળવાઈ રહેશે તો વીમો લેવાની કામગીરી આવકારદાયક છે તેમાં બેમત નથી.



દિવાળી આવે એટલે બાળકોને મજા મજા પડી જાય. એકબીજા પર રમકડાની બંદૂકથી ટીકડીઓ ફોડવાનો આનંદ જીવનનુ સંભારણુ બની રહે છે. બજારોમાં આ વર્ષે અવનવી પ્રકારની બંદૂકો વેચાવા આવતા બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# રાજ્યના ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન તરીકે પદભાર સંભાળતા પરેશ એસ. ધોરા

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના કાયદા સચિવ મિલન જી. દવેએ જણાવ્યું છે કે, રાજ્યના ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન તરીકે પરેશ એસ. ધોરાની નિમણુક થતા તેઓએ આજે ગાંધીનગર ખાતે તેમના હોદ્દાનો પદભાર સંભાળી લીધો છે. આ વેળાએ તમામ સરકારી વકીલો, કાયદા સહિતના વિવિધ વિભાગના અધિકારીઓએ ઉપસ્થિત રહીને ધોરાને શુભેચ્છાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરાએ ખેડા ખાતે ડિસ્ટ્રીક્ટ ગવર્મેન્ટ પ્લીડર તથા પબ્લિક પ્રોસીક્યુટર તરીકે સેવાઓ આપી છે. તેમની ૧૮ થી ૨૦ વર્ષની સેવાઓને ધ્યાને લઈને રાજ્ય સરકારે તા.૧૧-૧૦-૨૦૧૯ના નોટીફિકેશનથી તેમની નિમણૂક કરી હતી અને તેઓ આજે તેમનો પદભાર વિધિવત રીતે સંભાળી લીધો છે. ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનની કચેરી કાર્યાન્વિત થવાથી પ્રોસીક્યુસન સંબંધી કામગીરીમાં ઝડપ આવશે અને વધુ અસરકારક બનશે.




## ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષની ઉજવણી

૧૯૨૦માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ તા. ૧૮ ઓક્ટોબર-૨૦૧૯ના રોજ ૧૦૦મા વર્ષમાં પ્રવેશે છે. જેની ઉજવણી રાંધેજા પરિસરમાં કરવામાં આવેલ. જેમાં ગ્રામસેવા મહાવિદ્યાલય અને ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો તથા કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈન અને ડૉ. હસમુખ પંચાલની આગેવાનીમાં 'અહિંસા સદ્ભાવના રેલી'નું આયોજન કરાયુ હતુ. આ મૌન રેલીમાં સ્વચ્છતા, જળસંરક્ષણ, ઊર્જા બચાવો, વ્યસનમુક્તિ જેવા પ્રેરણાદાયી પોસ્ટર પ્રદર્શન દ્વારા ગાંધીજના સંપોષિત વિકાસલક્ષી વિચારોને ગ્રામજનો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાયો હતો. રાંધેજા પરિસરના સંયોજક રાજીવભાઈ પટેલે આ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું.

# જિલ્લાકક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન એસ. એસ. વી. કેમ્પસ, સેક્ટર-૩ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાનું વિજ્ઞાન અને ગણિત પ્રદર્શન આગામી ૨૧-૨૨ અને ૨૩ ઓક્ટો.ના રોજ ગાંધીનગર ખાતે યોજાશે.

૨૧મીએ બપોરના આ પ્રદર્શનમાં ભાગ લેવા પ્રતિસ્પર્ધીઓ આવી પહોંચશે. આ પછી ૨૨મીએ બપોર બાદ આ પ્રદર્શન પ્રજા માટે ખુલ્લુ મુકવામાં આવશે.

આ પ્રદર્શન સે. ૩ની એસ.એસ.વી. સ્કૂલ કેમ્પસ ખાતે યોજાશે. આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અંતર્ગત અંધશ્રદ્ધા નિવારણ અંતર્ગત પ્રાયોગિક સેમિનાર પણ ૨૩મીના રોજ સવારના ૧૦.૩૦ વાગે યોજવામાં આવેલ છે.

આ સંદર્ભે વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે જે ૨૨મીના રોજ યોજાશે. ૨૧મીએ બપોરે ૧ વાગ્યા સુધીમાં તાલુકાકક્ષાએ વિજેતા થયેલી કૃતિ અને શાળાએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. કૃતિઓનું મૂલ્યાંકન ૨૧મીએ સાંજે અને ૨૨મીએ સવારે થશે.

# મનપા સ્ટે.કમિટી ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ સિવિલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં રોગચાળો બેકાબુ બની રહ્યો છે. વાઈરલ ફીવરના અને ડેન્ગ્યુના દર્દીઓ મોટીસંખ્યામાં જોવા મળી



રહ્યા છે. ૬૦૦ બેડની સિવિલમાં છેલ્લા એક સપ્તાહથી અંદાજીત ૮૦૦ થી વધુ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે દર્દીઓને પુરતી સુવિધા મળી રહે છે કે નહી તે માટે મનપાના સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ શુક્રવારના રોજ સિવિલની મુલાકાત લીધી હતી. સિવિલના આઠમાં માળે આવેલા મેડીસીન વોર્ડ અને સર્જીકલ વોર્ડમાં ફરીને દર્દીઓના ખબર-અંતર પુછીને યોગ્ય સુવિધા મળી રહે છે ને કોઈ દુવિધા તો નથી ને તે અંગે પણ પુછતાજ કરી હતી. ત્યારે આ પ્રસંગે તેઓ સિવિલના વોર્ડ અને લોબી સહિતના સ્થળોએ સ્વચ્છતા જોઈને પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે સિવિલના આરએમઓ ડો.રાજેન્દ્ર ચૌહાણ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિ પટેલ, એસઆઈ ભરત બારોટ, પ્રકાશ પરમાર, રાજદીપના સુપરવાઈઝર અને સિક્યુરીટીના કર્મચારી સહિત સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# શહેરમાં જુદી જુદી કક્ષાના ૪૦૦ સરકારી મકાનોમાં બિનઅધિકૃત કબજો

**એકબાજુ કર્મચારીઓને ફાળવવા માટે આવાસ નથી : જોખમી મકાનો તબક્કાવરા તોડવામાં આવી રહ્યા છે અને બિન અધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ**

ગાંધીનગર તા ૧૮

શહેરમાં બિન અધિકૃત કબજો ધરાવતા આવાસોની સંખ્યા વિશેષ છે. એકબાજુ જોખમી આવસો તોડવાન કામગીરી સાથે સેકટરોમાં મકાનોની સંખ્યા પણ ઘટી છે. જેના લીધે તંત્રના ચોપડે આવાસ માટેની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આવા સંજોગોમાં સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના અંદાજિત ૪૦૦ જેટલા મકાનોમાં બિન અધિકૃત કબજો હોવાનુ ધ્યાને આવ્યુ છે.

શહેરમાં એકબાજુ સરકારી આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. સેકટરમાં સ્થિત જુના અને જર્જિરત મકાનો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે ૨ હજાર જેટલા આવાસો રીનોવેશન હેઠળ છે. જેના લીધે હાલ સરકારી આવાસની ફાળવણીનુ કામ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આમછતા હજુ સુધી આવાસો ખાલી કરાવવા માટે કોઈ પગલા લેવાયા નથી. શહેરમાં સ્થિત જુદુ જુદી કક્ષાના ૪૦૦ જેટલા આવાસમાં બિનઅધિકૃત વસવાટ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેમાં નિવૃતિ , અવસાન તેમજ કર્મચારીઓની બદલીના અંતે આવાસો ખાલી કરી શકાયા નથી. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે.જેના લીધે આમ પણ ફાળવણી લાયક આવાસો રહ્યા નથી નિકાલ હેઠળના આવાસો તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના લીધે છેલ્લા ઘણાં સમયથી આવાસોની ફાળવણી કરવાની પ્રક્રીયા પ્રભાવિત થઈ છે. કર્મચારીઓને મકાન ફાળવવાનુ મુશ્કેલ બન્યુ છે. બીજીતરફ સેકટરોના સરકારી આવાસમાં બિનઅધિકૃત કબજો હોવાની ફરિયાદો પણ વધી ગઈ છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ મકાન વિભાગ દ્વારા પણ આ બિનઅધિકૃત કબજેદારો સામે કોઈ પગલા લેવાતા ન હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે.



બાયડ વિધાનસભાની પેટા ચુંટણીના ઉમેદવાર ધવલસિંહ રાણાના પ્રચારમાં ડેમોઈ જિલ્લા પંચાયત સીટના ગાંધીનગરના ઈન્ચાર્જ કનુભાઈ દેસાઈ, ઉરેન પટેલ, ગૌરાંગ વ્યાસ ,મફતભાઈ દેસાઈ, ઉમેશ જહાં સહીતના આગેવાનોએ ડોર ટુ ડોર ખાટલા બેઠકો શરૂ કરી ભાજપના ઉમેદવારનો પ્રચાર પ્રસાર શરૂ કર્યો છે. બળદ ગાડામાં ભાજપના આગેવાનોએ પ્રચાર ઝુંબેશ કરી વિસ્તારના પ્રશ્નોના નિકાલ માટે પણ ખાત્રી આપી હતી.

# સ્વ. રફીની જન્મતિથિએ યોજાનાર સંગીત સ્પર્ધા માટેના ઓડિશનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો સંચાલિત ''મેરી આવાજ સુનો-કરાઓકે ક્લબ'' દ્વારા હિન્દી સિને જગતના મહાન મશહુર પાશ્વગાયક સ્વ. મોહમ્મદ રફીની ૯૫મી જન્મ જયંતિ આગામી તા. ૨૪મી ડિસેમ્બરે ઉજવણીના ભાગરૂપે ''સંગીત સ્પર્ધા-૨૦૧૯''નું આયોજન કરવામાં આવ્યું છે. આ સંગીત સ્પર્ધા માટેના ઓડીશનનું આયોજન તા. ૧૭મી નવેમ્બર રવિવારના રોજ બપોરે ૧૨.૩૯ કલાકથી કુડાસણમાં મારૂતિ નેક્ષા શૉ રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડ ખાતે પહેલા માળે સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે યોજાશે જેમાં ગાંધીનગર-અમદાવાદ ઉપરાંત રાજયભરના અનુભવી-બિનઅનુભવી ગાયકો કરાઓકે ટ્રેક પર પોતાના અવાજમાં હિન્દી ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ કરી શકશે.

આ કાર્યક્રમમાં સંગીત રસિકોને પ્રવેશ નિઃશુલ્ક અપાશે. સંગીત સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧મી ઓક્ટોબર નિર્ધારિત કરવામાં આવી છે જે દરમ્યાન સોમવારથી શુક્રવારે દરરોજ રાત્રે ૮.૪૫ કલાકે રૂબરૂ આવી ફોર્મ ભરી શકાશે. ઓડિશન માટે વધુ વિગતો મેળવવા મો. નં. ૯૪૨૭૩૧૮૦૭૩ અથવા મો. નં. ૮૮૪૯૪૫૪૪૦૫ પર સંપર્ક સાધી શકાશે તેવુ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.



શહેરમાં વધતા ઘાસ અને વનસ્પિતના લીધે રહેણાંક વિસ્તારમાં પણ સફાઈના અભાવ વચ્ચે મચ્છર અને જીવાતની સાથે ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. સે-૭ ડી માં રહેતા કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલના ઘર પાસે સ્પેકટેકલ કોબ્રા નિકળતા સ્થાનિકોમાં ભયની લાગણી વ્યાપી હતી જો કે જાણીતા વકીલ અને સ્નેક લવર્સ જીજ્ઞેશ જોષીએ આ ઝેરી સાપને પકડી લેતા રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## રવિવારે સર્કિટહાઉસ ખાતે રાજસ્થાન સમાજની સમાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સમસ્ત રાજસ્થાન સમાજ દ્વારા આગામી તા. ૨૦મી ઓક્ટોબર રવિવારના રોજ બપોરે ૧ કલાકે સર્કિટહાઉસ ખાતે સંસ્થાની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સામાન્યસભામાં ગાંધીનગરમાં વસતા રાજસ્થાની નાગરિકોને સરકારી સુવિધાઓ માટે પ્રમાણપત્રો મેળવવામાં પડતી તકલીફોના નિરાકરણ માટે ચર્ચા-વિચારણા કરવા, રાજસ્થાન દિવસ નિમિત્તે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમના હિસાબો રજૂ કરવા, નવી કારોબારીની રચના અંગે કાર્યવાહી કરવા જેવા મહત્વના કાર્યો હાથ ધરવામાં આવશે. આ સામાન્ય સભામાં શહેરમાં વસતા તમામ રાજસ્થાની નાગરિકો ઉપસ્થિત રહે તે હેતુથી રાજસ્થાન સમાજના હોદ્દેદારો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજ્યના મહાનગરોમાં ડેન્ગ્યુનો હાહાકાર

**હજારો કેસો સપાટી ઉપર છે : મોટાભાગના મહાનગરોમાં વિવિધ પગલા છતાં ડેંગ્યુ બેકાબૂ : તંત્ર પણ વધુ સાવધાન**

અમદાવાદ, તા. ૧૮

જામનગર સહિત ગુજરાતમાં રોગચાળો વકરી ગયો છે. ખાસ કરીને ડેંગ્યુએ જામનગર સહિતના મહાનગરોમાં હાહાકાર મચાવી દીધો છે. તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં સ્થિતિ અપેક્ષા મુજબ કાબૂમાં આવી રહી નથી. જામનગરમાં સ્થિતિ એ છે કે, દરરોજ નવા ૫૦થી વધુ ડેંગ્યુના કેસ સપાટી ઉપર આવી રહ્યા છે. જામનગરમાં ડેંગ્યુથી ૧૧ના મોત થઈ ચુક્યા છે. બીજી બાજુ ૬૦૦થી વધુ કેસ ટૂંકાગાળામાં જ નોંધાઈ ચુક્યા છે. રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરામાં પણ ડેંગ્યુએ આતંક મચાવ્યો છે. મચ્છરજન્ય રોગ બેકાબૂ છે. અમદાવાદમાં પણ ડેંગ્યુએ જોરદાર આતંક મચાવી દીધો છે. ડેંગ્યુ મોતને લઈને જે આંકડા વિરોધાભાષી આવી રહ્યા છે તેનાથી ચિંતા વધારે ફેલાઈ ગઈ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં મુખ્ય સચિવ જયંતિ રવિના કહેવા મુજબ ગાંધીનગરમાં ગયા વર્ષની સરખામણી કરવામાં આવે તો ચિત્ર સ્પષ્ટ થાય છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે રોગચાળાના કેસોમાં ૪૮.૩ ટકા સુધીનો વધારો થઈ ચુક્યો છે. આંકડા ઉપર નજર કરવામાં આવે તો પહેલી જાન્યુઆરીથી ૧૪મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં ૫૯૬૧ ડેંગ્યુના કેસો અને ૭૫૯૩૨ શંકાસ્પદ ડેંગ્યુ કેસો નોંધાઈ ચુક્યા છે. જામનગરમાં સપ્ટેમ્બર બાદથી ૧૧ના મોત થઈ ચુક્યા છે. અમદાવાદની વાત કરવામાં આવે તો અહીં પણ હાલત કફોડી બનેલી છે. અમદાવાદમાં મોતનો આંકડો પણ વધી રહ્યો છે. રોગચાળાને રોકવા માટે ફોગિંગ સહિતની પ્રક્રિયાને વધુ તીવ્ર કરવામાં આવી ચુકી છે. જામનગર ઉપરાંત રાજ્યના અન્ય ભાગોમાં ડેંગ્યુના નવા મામલા સપાટી ઉપર આવ્યા હતા. જામનગરમાં મોતના આંકડાને લઈને ભારે વિરોધાભાષીની સ્થિતિ પ્રવર્તી રહી છે. સરકારના કહેવા મુજબ આઠ લોકોના મોત થયા છે જ્યારે જામનગરમાં ૧૧ના મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. ડેંગ્યુએ જોરદાર આતંક મચાવતા કાબૂ બહાર સ્થિતિ થઈ છે. એકલા સપ્ટેમ્બર મહિનામાં જ ૬૦૦૦ જેટલા ઈન્ડોર દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. હાલમાં જામનગરની ખાનગી હોસ્પિટલમાં ૫૦૦થી પણ વધુ દર્દીઓ સારવાર હેઠળ હોવાના અહેવાલ મળ્યા છે. જિલ્લામાં વધારે પડતા વરસાદના કારણે પણ ચિંતાજનકરીતે કેસોની સંખ્યા વધી છે. તમામ લોકો જાણે છે કે, મોનસુનની વર્તમાન સિઝનમાં જામનગરમાં સૌથી વધારે વરસાદ થયો છે. જામનગરમાં આ સિઝનમાં ૧૧૨૧ મીમી સુધીનો વરસાદ થયો છે. એટલે કે સામાન્ય વાર્ષિક સરેરાશ કરતા ૧૮૨ ટકા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અનેક વિસ્તારોમાં મોસ્કિટો બ્રિડિંગ સ્થળો મળી આવ્યા છે. અમદાવાદ શહેરમાં પણ સ્થિતિ એકદમ સારી દેખાઈ રહી નથી. પહેલી જાન્યુઆરીથી લઈને ૧૫મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં અમદાવાદ અને જામનગર મ્યુનિ સત્તાવાળાઓએ મોતના અહેવાલને સમર્થન આપ્યું છે.



## મહિલા સાહસિકતા અંગે નર્સિંગ કોલેજ ખાતે બે દિવસીય વર્કશોપ યોજાયો

ગાંધીનગરની સેક્ટર-૧૨ ખાતેની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે મહિલા સાહસિક સેલ દ્વારા બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કેએસવીના ડબલ્યુઈસીના કો-ઓર્ડિનેટર ડૉ. કૃતિ પટેલે વિષય નિષ્ણાંત તરીકે પ્રથમ દિવસે પ્રસ્તુતિ કરી હતી. દ્વિતિય દિવસે વિષય નિષ્ણાંત તરીકેની સેવાઓ મુકેશ નાયરે આપી હતી જેમાં ''વન ડૉલર વેન્ચર'' અને 'ડથીંક આઉટ ઓફ બોક્સ'' જેવી પ્રવૃતિઓ વિદ્યાર્થીઓ પાસે કરાવી હતી. સમગ્ર વર્કશોપનું સંચાલન કોલેજના પ્રાધ્યાપક તથા સેલના કોઓર્ડિનેટર બિંદી પટેલ અને જિજ્ઞાસા પટેલે કર્યુ હતુ જે માટે કોલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલે માર્ગદર્શન આપ્યું હતું.